| GJBK010007692026 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટર્ડ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૧૫ |

---

**પાલનપુરના મહે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું.પાલનપુર.**

---

**ક્રિ.પર.અ.નં.૨૩૯/૨૦૨૬**
**આંક :-**

ભમરદાસ ઉર્ફે ભવરદાસ રાજુરામ સાધુ,

ઉ.વ.આ.૩૯, વ્યવસાય-ખેતી,

રહે.અરજણપુરા, તા.વાવ,

જિલ્લો-વાવ થરાદ. **...અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર

જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ.બી.રાજપુત.

શ્રી સરકાર તર્ફે એડી.પી.પી. શ્રી ડી.કે.પુરોહીત.

---

**બાબત :-** બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અન્વયે મુદ્દામાલ વચગાળાની કસ્ટડીએ પરત મેળવવા બાબત...

---

**-// ચુકાદો //-**

(૧) આ કેસમાં અરજદારે થરાદ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૧ ૯૫૦૫૦૨૧૧૩૨૪/૨૦૨૫, એન.ડી.પી.એસ.કલમ-૮(સી), ૨૧(બી),

૨૨(બી) મુજબના ગુનાના કામે ત.ક.અ.શ્રી ધ્વારા મુદ્ધામાલ તરીકે કબજે કરવામાં આવેલ મુદ્ધામાલ વાહન મારૂતિ કંપનીની SWIFT VDI (o) BS4 ગાડી જેનો આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં.GJ-12-DA-8444 છે, જેનો એન્જીન નં.D132A663883 તથા ચેચીસ નં.MA3FHEB1S00C21106 છે. તે વચગાળાની કસ્ટડીએ પરત મેળવવા માટે બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે તેમણે હાલની અરજી રજુ કરેલી છે.

(૨) આ કેસમાં અરજદાર તરફથી તેમની બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબની હાલની પ્રસ્તૃત અરજી કરતા, સમાવાળાને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલો હતો. જે અન્વયે સામાવાળા શ્રી સરકાર તરફથી વિ.એ.પી.પી.શ્રી ડી.કે.પુરોહીત આ કામે હાજર થયેલા છે.

(૩) આ કેસમાં અરજદાર તરફથી તેમની મુદ્ધામાલ વાહન પરત મેળવવાની માંગણી કરતી હાલની પ્રસ્તુત અરજીના સમર્થનમાં આંક–૩ના દસ્તાવેજી લીસ્ટથી નિશાની–૩/૧ થી ૩/૯ તળે દસ્તાવેજી આધારો રજુ કરેલ છે.

(૪) ત્યારબાદ આ કેસમાં ત.ક.અ.શ્રીનો અભિપ્રાય આપતો લેખિત રીપોર્ટ સામાવાળા તરફથી આંક–૫ થી રજુ કરવામાં આવેલો છે.

(૫) ત્યારબાદ આ કેસમાં અરજદાર તરફથી વિ.વ.શ્રી એ.બી. રાજપુતને સાંભળ્યા. તેઓ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, અરજદારની માલિકીની મારૂતિ કંપનીની SWIFT VDI (o) BS4 ગાડી જેનો આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં.GJ-12-DA-8444 છે, જેનો એન્જીન નં.D1 32A663883 તથા ચેચીસ નં.MA3FHEB1S00C21106 છે, જે તેમણે ખરીદ કરેલ. ત્યારબાદ તે તા.૧૨/૧૦/૨૦૨૧ના રોજ નવિનભાઇ

રાજારામભાઇ આચાર્ય, ભડવેલ, તા.વાવ, જિલ્લો–બનાસકાંઠાવાળાને વેચાણખતથી વેચાણ આપેલ, પરંતુ વેચાણ લેનાર ધ્વારા વેચાણખત મુજબ લોન, આર.ટી.ઓ. ટેક્ષ, વિમા વિગેરે શરતોનુ પાલન કરવામાં આવેલ નહી. ત્યારબાદ સદરહુ ગાડી થરાદ પોલીસ સ્ટેશન ધ્વારા થરાદ પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૧૯૫૦૫૦૨૧૧૩૨૪/૨૦૨૫, એન.ડી.પી.એસ.કલમ–૮(સી), ૨૧(બી), ૨૨(બી) મુજબના ગુનાના કામે સદરહુ મારૂતી ગાડી મુદ્દામાલ તરીકે કબજે લેવામાં આવેલી. તે ગાડી થરાદ પો.સ્ટેશનમાં પડી રહેલ છે. અરજદાર ખેતી કરી ઘરનુ ગુજરાન ચલાવે છે અને તે ગાડી પો.સ્ટેશનમાં પડી રહેલ હોવાથી તેને આર્થીક નુકશાન વેઠવુ પડે તેમ છે. પો.સ્ટેશનમાં ગાડી રાખવા માટે કોઇ સેફ કસ્ટડીની વ્યવસ્થા નથી અને વધુ સમય સુધી ગાડી પો.સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેરસ્પાર્ટસ, એન્જીન, ટાયર તેમજ બોડીને નુકશાન થવાનો પુરેપુરો સંભાવ છે અને તેની વેલ્યુએશનમાં ઘટાડો થવાનો પણ સંભવ રહેલો છે. તેમ જણાવી તેમણે નામ.ગુજરાત હાઇકોર્ટના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૩(૧) જી.એલ.એચ., પાન નં.૩૦૭ તેમજ નામ.ગુજરાત હાઇકોર્ટ, ક્રિમી.પર.અરજ નં.૯૨૦/ ૨૦૦૦, શૈલેષ ગંભીરસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા ઉપર આધાર રાખી સદરહુ ગાડી તેમને પરત કરવા માટે દલીલો કરેલ છે.

(૬) તેમણે વધુમાં જણાવેલ છે કે, અરજદાર ધ્વારા અગાઉ નામ.એડીશનલ સેશન્સ કોર્ટ, થરાદ સમક્ષ ક્રિમી.પર.અ.નં.૩૭૫/૨૦૨૩થી મુદ્દામાલ અરજી દાખલ કરેલી, જે અરજી નામંજુર કરવામાં આવેલી. ત્યારબાદ ફરીથી નવનીતભાઇ રાજારામભાઇ આચાર્ય ધ્વારા મુદ્દામાલ વાહનવાળી ગાડી પરત મેળવવા માટે નામ.એડીશનલ સેશન્સ કોર્ટમાં ક્રિમી.પર.અ.નં.૩૯૬/ ૨૦૨૩થી દાખલ કરવામાં આવેલી. જે તેમણે નહી ચલાવી પરત ખેંચી લીધેલી. ત્યારબાદ ફરીથી થરાદ કોર્ટ સમક્ષ ક્રિમી.પર.અ.નં.૩૪૮/૨૦૨૪ થી મુદ્દામાલ અરજી દાખલ કરેલી. જે અરજી નામ.એડીશનલ સેશન્સ કોર્ટ,

થરાદ ધ્વારા નામંજુર કરવામાં આવેલી અને તે હુકમ વિરૂધ્ધ નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.ક્રિમી.એપ્લી.નં.૧૫૮૭૧/૨૦૨૪થી મુદ્દામાલ અરજી દાખલ કરેલી. તે અરજી તેમણે પરત ખેંચી લીધેલી અને હાલની અરજી પણ તેમણે તે વાહન પરત મેળવવા માટે દાખલ કરેલ છે અને અરજી મંજુર કરવા માટે તેમણે રજુઆત કરેલી છે.

(૭) આ કામે સામાવાળા તર્ફે એડી.પી.પી.શ્રી ડી.કે.પુરોહીતનાઓએ પોલીસનો અભિપ્રાય આંક–૫થી રજુ કરેલ છે અને જેમાં પણ તેમણે સદરહુ ગાડીનો ઉપયોગ મેફેડ્રોન ડ્રગ્સની હેરાફેરીનો થયેલ હોવાથી તે તેમને પરત કરવામાં આવે તો ફરીથી પણ આજ પ્રકારનો ગુનો તેઓ આચરે તેવી શકયતા હોવાથી તેમણે અરજી ખર્ચસહ નામંજુર કરવા માટે દલીલો કરેલ છે અને વધુમાં દલીલ કરેલ છે કે, અરજદારની અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ નામંજુર કરવાનું વલણ ધરાવતા તેમણે પરત ખેંચી લીધેલ છે. જેથી તેમણે અરજી નામંજુર કરવા માટે દલીલો કરેલ છે અને વધુમાં રજુઆત કરેલ છે કે, અત્યારે અરજદારો જે અરજી કરતા હોય છે તે મુખ્ય આરોપીઓ પોતાના નામે ગાડી નહી રાખી અન્યના નામે ગાડી રાખી તેની કાયદેસર રીતે માદક પદાર્થોની હેરાફેરી મો વાપરે અને જયારે જે વાહન પોલીસ ધ્વારા કબજે લેવામાં આવે ત્યારે આર.સી.બુક ઓનર જોડે અરજીઓ કરાવી આરોપીઓ પોતે મેળવી લેતા હોય છે. આમ ખરેખર આરોપીઓ બેકસીટ ડ્રાઈવીંગ કરતા હોય છે એટલે કે, અરજદારોને મહોરા બનાવી તેમના ધ્વારા અરજીઓ કરાવી વાહન પરત મેળવી લેવાની મોડસ ઓપરેન્ડી અપનાવતા હોય છે. આ કામે હાલના અરજદાર રેકર્ડ ઉપરના આર.સી.બુક ઓનર છે, પરંતુ તેમણે તેમની રૂબરૂમાં જણાવેલ છે કે, તેમણે મુદ્દામાલવાળુ વાહન આ ગુનાના આરોપીને વેચાણખતથી વેચાણ આપી દીધેલ છે. આમ તેમનો વાહન પ્રત્યે કોઈ કબજો નથી. વધુમાં તેમની દલીલ છે કે, આ કામે હાલના અરજદારે નામ.સેશન્સ અદાલત સમક્ષ બે વખત અરજીઓ કરી વાહન પરત મેળવવાનો પ્રયત્ન કરેલ

છે. જેમાં તે સફળ રહેલ નથી અને વેચાણખતથી વેચાણ લેનાર આરોપીએ પણ નામ.સેશન્સ કોર્ટ સમક્ષ વાહન પરત મેળવવાની અરજી કરી પ્રયત્ન કરેલ છે, તે પણ નામંજુર થયેલ છે અને હાલના અરજદારે નામદાર ગુજરાત હાઇકોર્ટમાંથી વાહન પરત મેળવવા માટે અરજી કરેલી. જે અરજી પણ તેણે પરત ખેંચી લીધેલ હોવાથી તેને આવી અરજીઓ વારંવાર કરવાનો કોઇ અધિકાર મળતો નથી. તેથી તેમણે હાલની અરજી નામંજુર કરવા માટે દલીલો કરેલ છે.

(૮) આ કામે અત્રેની અદાલત ધ્વારા અરજદારના વિ.વકીલ શ્રીની હાલની અરજી રજુ કરવા માટે કયુ કારણ ઉપસ્થિત થયેલ છે તે બાબતે પુછતા તેણે જણાવેલ છે કે, નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જે મુદ્દામાલ વાહન પરત મેળવવા માટે તેમણે અરજી કરેલી છે તે અરજી પરત ખેંચી લીધેલી હવે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ બેન્ચ બદલાઇ ગયેલ છે અને તેમનુ વલણ ધ્યાને રાખતા વાહન છુટી જાય તેમ છે, પરંતુ ત્યાં સુધી જવા માટે અત્રેની અદાલતનો ઓર્ડર જરૂરી હોવાથી તેમણે હાલની આ અરજી કરેલ છે અને યોગ્ય તે હુકમ કરવા માટે રજુઆત કરેલ છે, તેમ જણાવેલ છે.

(૯) અરજી વંચાણે લીધી. રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, પોલીસનો રીપોર્ટ પણ ધ્યાને લેતા થરાદ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૧૯૫૦૫૦૨૧૧૩૨૪/૨૦૨૫, એન. ડી. પી. એસ. કલમ–૮(સી), ૨૧(બી), ૨૨(બી) મુજબના ગુનાના કામે પોલીસે મુદ્દામાલવાળુ વાહન કબજે કરેલ છે. આ કામે જે વાહન કબજે કરવામાં આવેલ છે તે વાહન જયારે પોલીસ ગ્રામપંચાયતની ચુંટણી લગત ની સરકારી કાર્યવાહી દરમ્યાન સરકારી વાહન નં.GJ-08-GA-2776 માં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મીઠા રોડ ઉપર આવતા તેમને બાતમી હકિકત મળેલી કે એક ગાડી નં. GJ-12-DA-8444 માં એક ઇસમ શંકાસ્પદ પદાર્થ એમ.ડી. ડ્રગ્સ સાથે આવી રહેલ

છે તેવી બાતમીના આધારે તે બાતમીવાળી ગાડી આવતા તને રોકાવી તેના ચાલકની પુછપરછ કરતા તેની પાસેથી એમ.ડી. ડ્રગ્સ વગર પાસપરમીટનો મળી આવેલ. આમ તેણે સદરહુ વાહનનો ઉપયોગ એમ.ડી. ડ્રગ્સની હેરાફેરીમાં કરેલ છે.

(૧૦) આ કામે તેણે સદરહુ વાહન મેળવવા માટે સેશન્સ કોર્ટમાં જુદી–જુદી ત્રણ અરજીઓ કરેલી. જે પૈકી બે અરજીઓ નામંજુર થયેલ છે અને એક અરજી તેણે પરત ખેંચી લીધેલ છે. ત્યારબાદ પણ તેણે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં મુદ્દામાલ પરત મેળવવા માટે અરજી કરેલી. તે અરજી પણ તેણે પરત ખેંચી લીધેલ છે. આમ સેશન્સ અદાલત ધ્વારા તેની અરજી નામંજુર થયા બાદ કોઇ સંજોગો બદલાયેલ નથી અને અત્રેની અદાલતને એક વખત સહ ન્યાયાધિશ શ્રીએ જયારે કારણોસર અરજી નામંજુર કરેલી હોય ત્યારે તે હુકમ સામે રીવ્યુના અદાલતને પાવર્સ નથી. તેમજ બદલાયેલા સંજોગો અંગે પુછતા તેમણે ઉપર નોંધ્યુ તેમ જે કારણ જણાવેલ છે કે, નામદાર ગુજરાત હાઇકોર્ટમાં બેન્ચ બદલાયેલ છે તેથી તેમણે અરજી દાખલ કરેલી છે, જે અરજી મંજુર કરવા માટેનુ કોઇ યોગ્ય કારણ કાયદા મુજબનુ નથી. તે સંજોગોમાં હાલની અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–// હુકમ //–</u>**

– અરજદારની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–સત્તરમી, માહે–માર્ચ, સને–બે હજાર છવ્વીસના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર.
તા.૧૭/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઈ પટેલ)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩

/THAKER/